રાજયની બિન સરકારી અનુદાનિત કોલેજોમાં અધ્યાપક સહાયકના ફિક્સ પગારમાં સુધારો કરવા બાબત.

**ગુજરાત સરકાર,**
**શિક્ષણ વિભાગ,**
**ઠરાવ નં.:ED/KWR/e-file/3/2023/4252/KH**
**સચિવાલય, ગાંધીનગર.**
**તા.૧૩/૦૯/૨૦૨૪**

**વંચાણે લીધા:-**

1. શિક્ષણ વિભાગનો તારીખ ૨૫/૦૮/૨૦૦૫નો ઠરાવ ક્રમાક: એનજીસી/૧૧૦૪/૧૬૫૭/ખ
2. નિયામકશ્રી ઉચ્ચ શિક્ષણની કચેરીનો તા.તા.૧૬/૦૩/૨૦૨૪નો પત્ર ક્રમાંક:કવટ/ ISC-૮/૨૦૨૪/૩૪૪૯

**આમુખ:-**

રાજ્યની યુનિવર્સિટી સંલગ્ન બિનસરકારી અનુદાનિત વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદો અને શિક્ષણ વિદ્યાશાખાની કોલેજોમાં અધ્યાપકની ખાલી જગાઓ "અધ્યાપક સહાયક" નામાભિધાનથી પ્રથમ પાંચ વર્ષની મુદત માટે માસિક ફીક્સ પગારથી ઉપર વંચાણે લીધેલા ક્રમાંક-૧ પરના ઠરાવમાં દર્શાવેલ શરતોને આધિન ભરવામાં આવે છે. આ અધ્યાપકોના કિસ્સામાં રાજ્ય સરકાર દ્વારા વખતો વખત તેઓને ચૂકવવામાં આવતાં માસિક ફીક્સ પગારમાં વધારો કરવામાં આવેલ છે. તદાનુસાર હાલ માસિક ફીક્સ વેતન રૂ. ૪૦,૧૭૬ /- ચૂકવવામાં આવે છે. ગુજરાત રાજ્ય અધ્યાપક મહામંડળ દ્વારા સરકારશ્રીમાં પગાર વધારા માટે રજુઆત કરવામાં આવેલ હતી. જે અન્વયે અધ્યાપક સહાયકના ફીક્સ પગારમાં વધારો કરવા માટે ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીએ વંચાણે લીધેલ ક્રમાંક-(૨) ના પત્રથી દરખાસ્ત કરેલ છે, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:-

રાજ્ય સરકાર દ્વારા પુખ્ત વિચારણાના અંતે, રાજયની બિનસરકારી અનુદાનિત વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદો અને શિક્ષણ વિદ્યાશાખાની કોલેજોમાં અધ્યાપક સહાયક યોજના" અંતર્ગત નિમણૂક પામતાં અધ્યાપકને પ્રથમ પાંચ વર્ષની મુદત માટે માસિક ફીક્સ વેતન રૂ. ૪૦,૧૭૬/- ચૂકવવામાં આવે છે તેમાં વધારો કરી માસિક રૂ.૫૨,૦૦૦/- ચૂકવવા માટે આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ રાજયની બિનસરકારી અનુદાનિત કોલેજોના ફિક્સ પગાર મેળવતા અધ્યાપક સહાયકોને જ લાગુ પડશે.

આ પગાર વધારાનો અમલ ઠરાવ પ્રસિદ્ધ થયાની તારીખથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-સરકાર ઉપરની ફાઈલ પર નાણા વિભાગ મારફતે સરકાશ્રીની તા.૧૩/૦૯/૨૦૨૪ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(અંકુરકુમાર ઉપાધ્યાય)**
**ઉપ સચિવ**
**શિક્ષણ વિભાગ**

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (ઉ.અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ઉ.અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ - ૧ (ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ- રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલ – ૨ (પે એન્ડ ઈ), ગુજરાત રાજ્ય, અમદાવાદ- રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
- નાણા વિભાગ(પગાર એકમ), સચિવાલય, ગાંધીનગર.
- નાણાસલાહકારશ્રી(શિક્ષણ), સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, તમામ સરકારી યુનિવર્સિટીઓ, ગુજરાત રાજ્ય. (ઉ.શિ.કમિશ્રીની કચેરી મારફતે) આચાર્યશ્રી, તમામ બિન સરકારી કોલેજો (ઉ.શિ.કમિશ્રીની કચેરી મારફતે)

- સિસ્ટમ મેનેજર, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતીસહ)
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.

Signature Not Verified
Signed by:Ankurkumar Upadhyay
Under Secretary
Date: 2024.09.13 20:01:57 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign